૨(A)


# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩ 108 તારીખ: ૨૧/૧૧/૨૩

પ્રતિ

કાનાભાઇ લખુભાઇ ચાવડા

રહેવાસી ક્રિક્ષ્ના નગર

સામખીયારી

તાલુકો: ભચાઉ

ફોન નંબર:- ૯૯૧૩૦૫૮૧૨૬

વિષય: ઘરવપરાશ નુ નવી મીટર ન લાગવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૨/૦૦૪/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્રારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

08

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ

સદર નિર્ણયપત્રની નક્લ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહ્ક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુક્મના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ ક્ચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, સામખીયારી

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-02-004-2023-24**

કાનાભાઈ લખુભાઈ ચાવડા
ગામ:- સામખીયાળી, તા.ભચાઉ જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, *ભચાઉ* -કચ્છ...........સામાવાળા.

બાબત:- વીજ મીટર મળવા અંગે...

અરજદાર તરફે :- શ્રી કાનાભાઈ લખુભાઈ ચાવડા
સામેવાળાના તરફે :- વી.જે. કઢાણીયા (કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ *ભચાઉ* વિભાગીય કચેરી, *ભચાઉ.*

કોરમ: (૧) એન.સી.મકવાણા – ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
(૩) એ.એસ.ચૌધરી – મેમ્બર (ટેક)

સુનાવણી સ્થળ:- પીજીવીસીએલ વર્તુળ કચેરી, અંજાર

તા.: ૦૫/૧૦/૨૦૨૩

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. BHUJ

# ઠરાવ

- આ કામના અરજદાર શ્રી કાનાભાઈ લખુભાઈ ચાવડા દ્વારા ગામ સામખીયાળી માં ક્રિષ્નાનગર માટે પીજીવીસીએલ, ભચાઉ પેટા વિભાગીય કચેરીએ નવું વીજ જોડાણ મેળવવા માટે ઓક્ટોબર-માં૨૦૧૯અરજી કરેલ. અને સદરહુ વીજ કનેક્શન મેળવવા માટે નીચે મુજબ ના વિવિધ ચાર્જીસ ભરેલ

| વિગત | રકમ રૂ. | રસીદ નંબર /તારીખ |
|---|---|---|
| રજીસ્ટ્રશન ચાર્જીસ | ૪૦.૦૦ | ૩૧૨૧૭૮/૦૯.૧૦.૨૦૧૯ |
| સીકયોરીટી ડેપોઝીટ | ૫૮૪.૦૦ | ૩૧૪૯૯૪/૧૫.૧૧.૨૦૧૯ |
| સર્વિસ કનેકસન ચાર્જીસ | ૩૫૦૦.૦૦ | ૩૧૪૯૯૫/૧૫.૧૧.૨૦૧૯ |
| ટેસ્ટ રીર્પોટ ચાર્જીસ | ૨૦.૦૦ | ૩૧૫૦૦૦૦/૧૬.૧૧.૨૦૧૯ |

ઉપરોક્ત તમામ ચાર્જીસ ભર્યા બાદ પીજીવીસીએલના કર્મચારી દ્વારા કનેક્શન ચાલુ કરાયેલ પરતુ એમના તરફથી હાલે મીટરની અછત હોઇ મીટર પાછ્ડ થી લગાડવામા આવશે એમ જણાવેલ ત્યારબાદ અવારનવાર પીજીવીસીએલની સામખીયારી સબડીવીઝન ખાતે તપાસ કરતા પીજીવીસીએલ ના કર્મચારીઓ દ્વારા આપનો મીટર issue થઇ ગયેલ હોવાથી ટુક સમયમાં મીટર પ્રમાણે બીલ આપવામાં આવશે એમ જણાવવામાં આવેલ ત્યારબાદ અમોને ધંધાર્થે મુંબઇ જવાનુ થતા માસ જાન્યુઆરી-૨૦૨૧ મા સદર રહેણાકનુ મકાન બંધ કરી મુંબઇ ગયેલ અને ફેબ્રુઆરી -૨૦૨૩ માં પરત સામખીયારી મધ્યે આવેલ અને તે સમયે પણ અમોની માંગણી વાળા રહેણાંકનો મકાનમાં મીટર લગાડવામાં આવેલ ન હોઇ પીજીવીસીએલ સામખીયારી કચેરીમાં રુબરુ માર્ચ-૨૦૨૩ મા ગયેલ અને હજી સુધી વિજ મીટર લગાડવામા આવેલ ન હોવાનુ જણાવતા જે તે સમયના અધિકારીઓ/ કર્મચારીએ અમોને જણાવેલ કે આપની માગણી વાળી જગ્યા માં મીટર લગાડી દેવામાં આવેલ છે પરંતુ અમોએ મીટર લાગેલ નથી એવુ જણાવતા કચેરી ના રેકર્ડ મુજબ મીટર લગાડી દેવામાં આવેલ હોઇ સદર મીટર અન્ય કઇ જગ્યાએ લગાડ્વામાં આવેલ છે તે બાબતે તપાસ કરી જાણ કરીશુ હાલ કોઇ જાતની ચીંતા કરશો નહી તેમ જણાવેલ હોઇ પીજીવીસીએલ નિયમીત ચાર્જ લઇ મીટર ન લગાડી પીજીવીસીએલ કંપનીની સેવામાં ખામી હોઇ ફોરમ સમક્ષ આ બાબતે દાદ માંગેલ છે.

વધુમાં સદરહુ જગ્યા ઉપર મીટૅર લાગ્યા ન હોવા છતા માસ જુલાઇ ઓગષ્ટ ૨૦૨૩ નુ બીલ અમારા નામનુ આપવામાં આવેલ છે. જેમા મીટર નંબર ROLEX-04562013 અને ગ્રાહક નંબર અને સદર બીલ માં બતાવેલ રકમ રૂ.૫૧૨=૪૬ અમોએ રસીદ નંબર ૯૧૫૬૨૨ તારીખ ૨૧/૦૮/૨૦૨૩ થી ભરપાઇ કરી આપેલ છે આમ મીટર ન લગાડી પીજીવીસીએલ કંપનીએ વેપારી ગેરરીતી અને સેવામાં ખામી બતાવેલ હોઇ અમારા રહેણાક ના મકાનમાં તાત્કાલીક પીજીવીસીએલ કંપની મારફ્તે વિજ મીટર લગાડી આપવામાં આવે તેવો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. BHUJ

બીજી તરફ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા રજૂઆત એવી છે કે સદરહુ અરજદારએ પીજીવીસીએલ સામખીયારી સબડીવીઝન ખાતે તારીખ ૦૯.૧૦.૨૦૧૯ ના રોજ ઘરવપરાશ ના મીટર ની અરજી કરેલ હતી અને તે માટે જરૂરી અંદાજ પત્રક તારીખ ૧૫.૧૧.૨૦૧૯ ના રોજ ભરભાઇ કરેલ હતો અને તે માટે ટેસ્ટ રીપોર્ટ તારીખ ૧૬.૧૧.૨૦૧૯ ના રોજ ભરપાઇ કરેલ હતો અને સ્થળ પર મીટર નંબર-૦૪૫૬૨૦૧૩ લગાવેલ છે જેનો પર્ફોમા-૧૫ રજુ કરેલ છે

વધુમાં કાર્યપાલક ઇજનેર ભચાઉ દ્વારા વધુ માં રજુઆત થયેલ છે જે નીચે મુજબ છે

સદરહુ જગ્યા ઉપર તારીખ ૨૭/૦૭/૨૦૨૩ ના રોજ ચેકીંગ શીટ નંબર ૨૪૫૭૧ થી જે ચેકીંગ કરવામાં આવેલ તેમા સીધો વીજવપરાશ માલુમ પડેલ અને એ બાબતે વીજ અધિનિયમ-2003 ની કલમ ૧૩૫ મુજબ કુલ રૂ.૨૭૯૫૧૩=૯૫ નો વીજચોરીનુ બીલ શ્રી ચાવડા લખુભાઇ નારણભાઇને આપવામાં આવેલ

ફોરમનુ તારણ

બન્ને પક્ષકારોની રજુઆત જોતા સદરહુ ફરિયાદ પીજીવીસીએલ દ્વારા સદરહુ અરજદારની જગ્યાએ માત્ર સર્વીસ લાઇન લગાવી મીટરના લગાડવાને કારણે ફરિયાદ ઉદભવી છે એ બાબતની છે પરંતુ સદરહુ જગ્યા ઉપર ગેરકાયદેસર (Direct) પાવર સપ્લાય વપરાશ થતો હોઇ પીજીવીસીએલ દ્વારા વીજ અધિનિયમ-2003 ની કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે આમ પીજીવીસીએલ દ્વારા સદરહુ ફરિયાદી એ માંગેલ વીજ કનેક્શન પર મીટર ન લગાડી સર્વીસ માં ખામી દર્શાવેલ છે પરંતુ સદરહુ જગ્યા પર Direct વીજપાવર વાપરી કહેવાતી પાવર ચોરી થયેલ છે એ બાબત નિયમ ની વિરુધ્ધ છે. આમ ઉપરોક્ત કેસમાં ફરિયાદી એ ભરેલ અંદાજપત્રકની રકમ પીજીવીસીએલ દ્વારા વીજ કનેકશન ન અપાયેલ હોઇ સદરહુ રકમ પીજીવીસીએલ દ્વારા પરત આપવાની થાય છે સાથે સદરહુ જગ્યા પર વીજચોરીના બીલનુ લેણુ હોઇ supply code 4/2015 clause No 4.30 મુજબ એ લેણુ ભરપાઇ થયા બાદ સદરહુ ફરિયાદી ધારે તો નવા કનેકશન માટે અરજી કરી શકે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ફરિયાદીને પીજીવીસીએલ તરફથી સદરહુ અરજદાર એ વીજ કનેકશન માટે ભરેલ તમામ રક્મ ફરિયાદીને સદરહુ જગ્યા ઉપર કહેવાતી વીજ ચોરી ની રક્મ ભરપાઇ થયા બાદ દિવસ 30 માં પરત કરવી અને જો ફરિયાદી નવુ વીજ કનેક્શન માંગે તો તે બાબતે પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ કાર્યવાહી કરવી આમ સદરહુ ફરિયાદ નુ નિકાલ કરવામાં આવે છે.

- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૦૫/૧૦/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. BHUJ

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (એ.એસ. ચૌધરી) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : "જીલ્લા સેવા સદન -૩",ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫"

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. BHUJ